દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૪ વર્ષ

બુધવાર ૨૧ ઓક્ટોબર, ૨૦૨૬

# સરકારે ખાંડ આધારિત ઇથેનોલ પર પ્રતિબંધ મૂકવો પડ્યો

પેટ્રોલમાં ઇથેનોલ ભેળવવાની સરકારની નીતિ બાબતે છેલ્લા કેટલાક સમયથી વિવાદ ચાલી જ રહ્યો છે ત્યારે સરકારે તંગ દોરડા પર ચાલવાનો ખેલ કરવો પડી રહ્યો છે. ઇથેનોલના ઉત્પાદન માટે શેરડી, ખાંડ, મકાઇ જેવા ખાદ્ય પદાર્થો ઉપયોગમાં લેવાય છે અને તેને કારણે અન્ન સુરક્ષા પર અસર પડી શકે છે તેવી ચિંતા નિષ્ણાતોએ વ્યક્ત કરી જ છે ત્યારે હાલમાં દેશમાં ખાંડના ભાવોમાં આવેલા ઉછાળાને કારણે સરકારે નિકાસ નિયંત્રણ સહિત વિવિધ પગલા ભરવા પડયા છે. ખાંડના ભાવોમાં આવેલા ઉછાળા માટે ઇથેનોલ નીતિને પણ જવાબદાર ગણવામાં આવી રહી હતી, જો કે સરકારે તેનો ઇન્કાર કર્યો હતો પણ હવે તહેવારોના ટાણે તેની આડકતરી કબૂલાત કરતી હોય તેમ સરકારે ઇથેનોલના ઉત્પાદન માટે ખાંડ, શેરડી વગેરેનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ મૂકવો પડ્યો છે. સરકારી તેલ માર્કેટિંગ કંપનીઓએ પેટ્રોલવાળા મિશ્રણ માટે ૨૦૨૬-૨૭ના પુરવઠા વર્ષના તેમના તાજેતરના ખરીદી ટેન્ડરમાંથી શેરડીના રસ, ખાંડની સીરપ અને B-હેવી મોલાસીસમાંથી બનાવવામાં આવતા ઇથેનોલ પર પ્રતિબંધ મૂક્યો છે. સરકાર સ્થાનિક સ્તરે ખાંડના પુરવઠાનું રક્ષણ કરવાની સાથે દેશવ્યાપી પેટ્રોલ-બ્લેન્ડિંગ પ્રોગ્રામને ચાલુ રાખવા માંગે છે તે જણાઇ આવે છે.

ઓઇલ માર્કેટિંગ કંપનીઓ વતી ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ(BPCL) દ્વારા ૧૬ ઓક્ટોબરે બહાર પાડવામાં આવેલા આ ટેન્ડરમાં નવેમ્બરથી શરૂ થતા પુરવઠા વર્ષ માટે પેટ્રોલમાં ૨૦ ટકા ઇથેનોલ ભેળવવાની જરૂરિયાત પૂરી કરવા માટે આશરે ૧૧ અબજ લિટર ઇથેનોલ માટે બોલીઓ મંગાવવામાં આવી છે. તેમાં મકાઇ આધારિત ઇથેનોલ માટેના પ્રોત્સાહનને પણ ઘટાડવામાં આવ્યું છે, જેનાથી ખરીદ કિંમત લિટર દીઠ રૂ. ૭૧.૮૬ થી ઘટીને રૂ. ૬૮.૮૬ થઇ ગઇ છે. ટેન્ડર દસ્તાવેજમાં જણાવવામાં આવ્યું છે કે, ભારત સરકારે નિર્દેશો આપ્યા છે કે ઇથેનોલ સપ્લાય વર્ષ ૨૦૨૬-૨૭ માટે ઇથેનોલ માટે ખાંડનું ડાયવર્ઝ ઘટાડીને શૂન્ય કરવામાં આવે. દસ્તાવેજમાં વધુમાં ઉમેરવામાં આવ્યું છે કે, આ જથ્થાની બોલી વાળા ટેન્ડરમાં શેરડીના રસ, ખાંડ કે ખાંડની સીરપ અને B-હેવી મોલાસીસમાંથી ઉત્પાદિત ઇથેનોલ માટે કોઇ ઓફર મંગાવવામાં આવી નથી. દસ્તાવેજ અનુસાર, ટેન્ડરમાં મકાઇ, તૂટેલા ચોખા, ફૂડ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા(FCI) દ્વારા ખરીદવામાં આવેલા વધારાના ચોખા અને C-હેવી મોલાસીસમાંથી ઉત્પાદિત ઇથેનોલ માટે બોલી લગાવવાની મંજૂરી આપવામાં આવી છે. મકાઇ પરનું પ્રોત્સાહન લિટર દીઠ રૂ. ૫.૭૯ થી ઘટાડીને રૂ. ૨.૭૯ કરવાથી અનાજમાંથી ઇથેનોલ સપ્લાય કરતા ઉત્પાદકો માટે વળતર ઘટવાની ધારણા છે, ભલે ખાંડ-આધારિત કાચા માલની બાકાતી અન્ય વૈકલ્પિક કાચા માલનું મહત્વ વધારતી હોય પરંતુ સરકારે તેના માટેનું પણ પ્રોત્સાહન તો ઘટાડ્યું જ છે જે સૂચવે છે કે અન્ય ખાદ્ય ઉત્પાદનોના પુરવઠા પર પણ ઇથેનોલ માટેના વપરાશથી થનાર અસર બાબતે સરકાર ચિંતીત છે.

મહારાષ્ટ્ર અને કર્ણાટક સહિતના મુખ્ય ખાંડ ઉત્પાદક રાજ્યોમાં નબળા વરસાદને કારણે ઓછું ઉત્પાદન થવાના જોખમને લીધે સ્થાનિક સ્તરે ખાંડની ઉપલબ્ધતા અને વધતા ભાવ અંગેની ચિંતાઓ વચ્ચે આ પગલું લેવામાં આવ્યું છે એમ કહેવાય છે. વિશ્વનો સૌથી મોટો ખાંડ વપરાશકાર દેશ ભારત, આયાતી ક્રૂડ ઓઇલ પરની તેની નિર્ભરતા ઘટાડવા માટે ઇથેનોલ મિશ્રણનો વધુને વધુ ઉપયોગ કરી રહ્યો છે. જો કે, બળતણ ઉત્પાદન માટે શેરડી અને ખાંડનો ઉપયોગ કરવાથી ખોરાક વપરાશ માટે ઉપલબ્ધ પુરવઠા પર અસર પડી શકે છે, ખાસ કરીને જ્યારે ઉત્પાદન મર્યાદિત હોય. તાજેતરનું ટેન્ડર ઊર્જા-સુરક્ષાના ઉદ્દેશ્યોને જાળવી રાખવાની સાથે પર્યાપ્ત ખાંડનો પુરવઠો જાળવી રાખવાની અને સ્થાનિક ભાવોને અંકુશમાં રાખવાની સરકારની કોશિશને દર્શાવે છે. ખનિજ તેલ આયાત પરની નિર્ભરતા અને ઉત્સર્જન ઘટાડવાના પ્રયાસોના ભાગરૂપે ભારતે રાષ્ટ્રીય ધોરણ તરીકે ૨૦ ટકા સુધી ઇથેનોલ ધરાવતા પેટ્રોલ (જેને E20 તરીકે ઓળખવામાં આવે છે)ને અપનાવ્યું છે. ઇથેનોલનું ઉત્પાદન શેરડી અને અનાજ સહિતના કૃષિ આધારિત કાચા માલમાંથી કરવામાં આવે છે અને અશ્મિભૂત બળતણના વપરાશના એક ભાગને બદલવા માટે તેને પેટ્રોલમાં ભેળવવામાં આવે છે. આ કાર્યક્રમે સ્થાનિક ડિસ્ટિલરીઝ માટે મોટું બજાર ઊભું કર્યું છે અને સાથે સાથે ખેડૂતોને કૃષિ ઉત્પાદન માટે માંગનો વધારાનો સ્રોત પૂરો પાડ્યો છે. પરંતુ તે સાથે જ અન્ન સુરક્ષા બાબતે પણ પ્રશ્નો ઉભા થયા છે. ૨૦૨૬-૨૭ની ખરીદી સાયકલમાં ખાંડ-આધારિત ઇથેનોલથી દૂર થવાના ફેરફારથી અનાજ-આધારિત ઉત્પાદનનું મહત્વ વધવાની શક્યતા છે, અને કાચા માલની ઉપલબ્ધતા, પ્રોક્યોરમેન્ટ કિંમતો અને ડિસ્ટિલરી ક્ષમતા એ મિશ્રણની જરૂરિયાતોને પૂરી કરવા માટેના મુખ્ય પરિબળો બનશે. હાલના સંજોગોમાં તો ખાંડ આધારિત ઇથેનોલ પર પ્રતિબંભ મૂકી દેવાયો છે, હવે ભવિષ્યમાં કેવા પગલા ભરવામાં આવે છે તે જોવાનું રહે છે.

# માણસે ઉન્નત મસ્તકે જીવવું હશે તો મુકત અને સ્વમાની પ્રજા તરીકે લડત આપવી પડશે

## અવારનવાર

ડો.નાનક ભટ્ટ

**નાનાં-નાનાં રજવાડાંઓ વચ્ચે વહેંચાયેલાં છતાં સ્વતંત્ર બનવા માંગતા ભારતવર્ષ માટે “એક સેનાની, એક દેશ”નો મંત્ર નર્મદાના સાંનિધ્યમાં પ્રથમ વખત વહ્યો હતો**

છપ્પનિયો દુષ્કાળ યમદૂત બનીને લોકોને ભરખી રહ્યો હતો. ભૂખ, રોગ અને રોજગારીના અભાવે રાજા-રજવાડાંઓને પણ લાચાર કરી મૂક્યાં હતાં. એ સમયે નર્મદાના કિનારે ગંગનાથના સાધુ કેશવાનંદે મુંબઈનાં સંપન્ન લોકો વચ્ચે જઈ ઝોળી પાથરી.

ગુરુ બ્રહ્માનંદના શિષ્યે ભારતીય સંસ્કૃતિની સમર્પણ ભાવનાને ઘેર ઘેર પહોંચાડતાં કહ્યું, ‘જે માત્ર પોતા માટે રાંધે છે અને તેમાં અન્યનો ભાગ રાખતો નથી તે પોતાનું પાપ જમે છે.’ અને જોતજોતામાં ગંગનાથ મહાદેવનો ભંડારો ભૂખ્યાં જન માટે ઉભરાતો ગયો. તાત્યા ટોપે, મહર્ષિ અરવિંદ, બેરિસ્ટર દેશપાંડે, મામા ફડકે, કાકા કાલેલકર જેવાં અનેક સેનાનીનાં આશ્રયસ્થાન સમા ગંગનાથનો ઈતિહાસ ૫૦૦૦ વર્ષ પુરાણો છે. પરંતુ ૧૮૫૭ના બળવા પછી સૈનિકોનાં ગુપ્ત નિવાસ સમો નર્મદાનો તટ, સાધુઓના પરિવેશમાં સ્વાતંત્ર્યના ધૂણો લાકડાં સંકોરતા રહેવા માટે જાણીતો બન્યો. કંઈ વિશેષ ચહલપહલ વિના જ નર્મદા તટ ઉપર દેશભક્તિ અને જનસેવાને અધ્યાત્મ સાથે વણી લેવાની પ્રવૃત્તિ વિસ્તરતી રહી.

પાણીપતના યુદ્ધ પછી ભૂગર્ભમાં ઊતરી ગયેલા કેટલાક મરાઠા સરદારો પૈકી સદાશિવરાવ ભાઉ એટલે ભાવગીર્દી તેમ જ છત્રપતિ શિવાજી મહારાજના સાથી પ્રભુગુપ્તેના વંશજ રંગો બાપજી, સાધુવેશે બ્રહ્માનંદ નામ ધારણ કરી ગંગનાથમાં બેઠા છે અને બાલા ભગવતીની જ્ઞાનસાધના કરે છે તેની જાણ ગાયકવાડી રાજ્યના સૂબા મલ્હારાવને ખરી. પરંતુ અંગ્રેજ શાસન તો ૧૮૫૭ના બળવાનો અગ્ર સેનાની હજુ સક્રિય છે તે બાબતે ચાલીસ વર્ષ સુધી અંધારામાં જ રહ્યું. પરંતુ ૧૯૦૬માં બ્રિટિશ હકૂમતને ગાયકવાડ તાબાનાં ડભોઈ પરગણામાં આવેલ ગંગનાથની ભાળ મળી અને લગભગ ૩૬ વર્ષ સુધી મહાદેવના સ્થાનકને તાબામાં રાખી નર્મદા તટના સાધુઓ ઉપર બાજનજર ગોઠવી.

પણ બે તટે વહેતી નર્મદા મૈયાની સાત સાત વખત પરિક્રમા કરી ચૂકેલા સ્વામી બ્રહ્માનંદ માટે તો ‘સાધુ ચલતા ભલા’ની વાત સાચા અર્થમાં ચરિતાર્થ બની. ભગવા વેશે નર્મદાના કિનારે બેઠેલા સંસારના વિસામા જેવો ગરવો રાજકારભારી અંગ્રેજોના હાથમાં આવે તેમ નહોતો. પણ નર્મદાના સાંનિધ્યમાં રાજયોગ અને હઠયોગની સાધનામાં બ્રહ્માનંદ બંધાતા ગયા. મહર્ષિ અરવિંદ પોતાની નોંધમાં લખે છે, “૧૦૮ વર્ષ સુધી સ્વસ્થ આયુષ્ય ધરાવતા બ્રહ્માનંદજી જ્યોતિષ, આયુર્વેદ, ખગોળ અને ગાયન-સંગીતમાં વિદ્વત્તા ધરાવતા હતા. તેઓ કહેતા, “અમે સંસારને ભલે ત્યાગ આપ્યો હોય પણ આ શરીર તો સંસારમાંથી જ જન્મ્યું છે અને આ શરીર તો સંસારીઓથી જ પોષાઈ રહ્યું છે.”સંસારી કે સાધુ સહુને માતૃભૂમિના બેટા જાણતા સાધુ બ્રહ્માનંદ માટે તો માતૃભૂમિની મુક્તિ એટલે જ મોક્ષ હતો.”

પ્રાચીન સમયથી ગંગા સપ્તમીએ જ્યાં માત્ર બહેનોનો મેળો ભરાય છે તેવા સંતોષ અને શાંતિના પ્રાકૃતિક ધામ જેવાં ગંગનાથની કોતરોમાં મરાઠા, સિંધિયા, હોળકર અને ગાયકવાડ રાજ્યોને એકસૂત્રે બાંધવાના પ્રયત્નો થયા. અંગ્રેજો સામે ઉગામવા હથિયારો બન્યાં. નાનાં-નાનાં રજવાડાંઓ વચ્ચે વહેંચાયેલાં છતાં સ્વતંત્ર બનવા માંગતા ભારતવર્ષ માટે “એક સેનાની, એક દેશ”નો મંત્ર નર્મદાના સાંનિધ્યમાં પ્રથમ વખત વહ્યો હતો.

દેશની અખંડિતતા અને અધ્યાત્મના તાણાવાણાને નિરખતાં જણાય છે કે શિવાજી મહારાજની પ્રેરણા સ્વામી રામદાસ હતા. ૧૮૫૭ના બળવાનાં રોટી-કમળનો સંદેશ લઈ ફરનાર શંકરાનંદ અને ટોકરાનંદ સંન્યસ્થ હતા. મોંગલો સામેના જુલમને પડકારનાર પંચ પ્યારે ગુરુ ગોવિંદસિંહ કે પછી ભગવદ્ગીતાના બળે સ્વરાજની ખેવના કરતા મોહનદાસ ગાંધીને જોતાં જણાય છે કે, ભારતમાં જ્યારે જ્યારે શુદ્ધ રાષ્ટ્રપ્રેમનો અગ્નિ પ્રજ્વલિત થયો છે ત્યારે તેમને આ આધ્યાત્મિક દૃષ્ટિ સાથે સૂચક સંબંધ રહ્યો છે. ભારતની રાષ્ટ્રભક્તિના જુવાળ પાછળ હંમેશાં કોઈ ગૂઢ ઈશ્વરીય શક્તિનો અહેસાસ ભારતીયોને મળ્યો છે.

“મા ભોમના પ્રત્યેક સપૂત માટે મને ભાવ છે” તેવું કહેતાં બ્રહ્માનંદજી ભાર દઈને કહેતા “માણસે ઊંચા મસ્તકે જીવવું હોય તો એણે મુક્ત અને સ્વમાની પ્રજા તરીકે ઝઝૂમવું પડશે.”તેમણે ભાખ્યું હતું કે “હિંદુસ્તાનની પ્રજા એક દિવસ ઉન્નત મસ્તકે જીવશે અને જગતના ચોકમાં સ્વતંત્ર પ્રજા તરીકે પોતાનો ભગવો લહેરાવશે.”

ઈસ્ટ ઈન્ડિયા કંપનીના વહાણમાં બેસી વ્યાપાર કરવા આવેલા વિદેશીઓએ લશ્કરી તકનિક અને રાજ્ય વહીવટનાં બળે દેશનાં રજવાડાંઓને માત કર્યાં. ભારતીયોની વ્યક્તિનિષ્ઠાને સ્વાર્થના દોરે જોડી લાભ તારવી ગયા અને દેશને ભૂખમરો, વહેમ, બેરોજગારી અને દરિદ્રતાના કૂવામાં ધકેલતા ગયા. આ સ્થિતિ વચ્ચે પણ રાષ્ટ્રનું અધ્યાત્મ બ્રહ્માનંદ જેવા ગુરુપદમાં દીપ્તિમાન હતું અને નર્મદા જેવી માતાઓનો જળપ્રવાહ જમીનને તૃપ્ત કરતો હતો. આથી રાષ્ટ્રનું પુણ્ય ખૂટ્યું નહીં!

પરંતુ એકવીસમી સદીમાં વિદેશીઓ ઉપભોગતાવાદના જહાજમાં ફરી પથરાઈ રહ્યાં છે ત્યારે ભારતવર્ષના અધ્યાત્મે સમાજસેવા અને રાષ્ટ્રીયતાને ભગવા લૂગડે બાંધવાનો વખત આવી ગયો છે. દેશનું સ્વાભિમાન ત્રિરંગાનું ગૌરવ ગાન છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## રાણીના અદ્રશ્ય આભૂષણ



એક રાણી પાસે અનેક કિંમતી હીરા મોતી રત્નોની માળાઓ હતી. તે રોજ સુંદર સોલ શણગાર સજીને ભાર નીકળતી અને બધા તેને અહોભાવથી જોઈ રહેતા અને સન્માનમાં નમન કરતા. રાણીને લાગતું કે લોકો તેને માત્ર તેના ભવ્ય આભૂષણો માટે માન આપે છે.

એક દિવસ તેણે રાજ્યના શ્રેષ્ઠ સુવર્ણકારને બોલાવી કહ્યું, ‘મારે કોઈને દેખાય નહિ એવા આભુષણ જોઈએ છે. જે કોઈ જોઈ ન શકે, પરંતુ તે પહેરીને હું એકદમ સુંદરતમ દેખાઉં અને દરેક વ્યક્તિ મારી સુંદરતા અનુભવી શકે.’ સુવર્ણકાર મૂંઝાઈ ગયો કે ન દેખાય તેવા ઘરેણાં કેવી રીતે બનાવવા...એવા કેવા ઘરેણાં હોય શકે જે દેખાયા વિના પણ વ્યક્તિને સુંદરતમ બનાવી શકે. સુવર્ણકારે પોતાના દાદાને આ સમસ્યા જણાવી, દાદાએ કહ્યું, ‘રાજા રાણીના રાજમહેલ છોડ, નાનકડા ગામમાં જા અને ત્યાં તને જે સુંદરતમ વ્યક્તિ લાગે તેણે કેવા ઘરના પહેર્યા છે તે જોઈ લે પછી તે પ્રમાણે ઘરેણાં બનાવજે. દાદાની વાત માની તેણે રાજ્યના ગામડાંની મુલાકાત લેવાનું નક્કી કર્યું. એક ગામમાં તેણે જોયું કે એક સુંદર સ્ત્રી પોતાના ખેતરમાંથી મળેલું અનાજ ગરીબ પડોશીને આપી રહી હતી. બીજા ગામમાં એક પ્રભાવશાળી વૃદ્ધ શિક્ષક પૈસા વિના બાળકોને ભણાવતા હતા. ત્રીજા ગામમાં એક સુંદર યુવતી રસ્તા પર ઘાયલ અજાણ્યા મુસાફરને મલમપટ્ટી કરી રહી હતી. આ બધા સુવર્ણકારને બહુ સુંદર લાગ્યા તેમના ચહેરા પર ચમક હતી પણ તેમણે બહુ સમાન્ય અથવા લગભગ નહિ જેવા ઘરેણાં પહેર્યા હતા.સુવર્ણકાર મહેલમાં પાછો આવ્યો અને રાણીને કહ્યું, ‘મહારાણી, તમારા માટે એક નહિ અનેક અદ્રશ્ય અલંકારો તૈયાર છે પરંતુ તેને પહેરવા માટે તમારે હું કહું તેમ કરવું પડશે.’ સુવર્ણકારે રાણી સાથે અડધો કલાક મસલત કરી પોતાનો આખો અનુભવ કહ્યો. બીજા દિવસે રાણીએ રાજભંડારમાંથી અનાજ વહેંચવાની વ્યવસ્થા કરી, ગામોમાં પાણીનાં કૂવા બનાવડાવ્યા અને ગરીબ બાળકોના શિક્ષણ માટે ભંડોળ ફાળવ્યું.અનેક પ્રજા ઉત્થાનના કાર્યો કરવાની શરૂઆત કરી. થોડા દિવસ પછી રાણી સાવ સદા પોશાકમાં નહિવત ઘરેણાં પહેરી ગામની મુલાકાતે નીકળ્યા રાણીનું સ્વાગત કરતા એક વૃદ્ધ સ્ત્રીએ રાણીને કહ્યું, ‘મહારાણી, તમે આજે પહેલાં કરતાં વધુ સુંદર લાગો છો.’ રાણીએ કહ્યું, ‘વધુ સુંદર? મેં તો આજે સાવ સાદા વસ્ત્રો પહેર્યા છે અને કોઈ કિંમતી આભુષણ પણ પહેર્યા નથી તો પણ સાચે હું પહેલા કરતા વધુ સુંદર લાગુ છું?’ વૃદ્ધાએ જવાબ આપ્યો, ‘ હા, તમારા ચહેરા પર આજે લોકોની ખુશીનો પ્રકાશ છે.તમારી આંખોમાં આનંદની ચમક છે.’ રાણી ખુશ થયા અને વિચારવા લાગ્યા તેમના અદ્રશ્ય ઘરેણાં તેમના દ્વારા કરવામાં આવેલા સેવાકાર્યોની માળા હતી, જેમાં દરેક મોતી કોઈના જીવનમાં આવેલી રાહત, તક કે આશાનું પ્રતીક હતું.

**ચાર્જિંગ પોઈન્ટ**

**હેતા ભૂષણ**

# શું વિપક્ષ દ્વારા સત્તા પરિવર્તનની માંગ કરવી એ ખોટું છે?

## ફિંગર પ્રિન્ટ

શેખર ઐયર

**વિપક્ષ ભાજપના આરોપોને ‘બનાવટી ગુસ્સો’ કહીને ફગાવી રહ્યો છે અને તેનું માનવું છે કે, તેમનો ઉદ્દેશ્ય માત્ર લોકશાહી જનાદેશ દ્વારા સત્તા મેળવવા પૂરતો સીમિત છે**

સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝનને પડકારતા વિરોધ પક્ષો ખુલ્લેઆમ કહી રહ્યા છે કે, તેમનો વાસ્તવિક ઉદ્દેશ્ય સત્તા પરિવર્તન છેઃ શેરીઓમાં તીવ્ર વિરોધ પ્રદર્શનો દ્વારા વડા પ્રધાન નરેન્દ્ર મોદીને હટાવવા. આગામી લોકસભા ચૂંટણી માત્ર 2029માં યોજાવાની છે. તો, શું વિપક્ષ દ્વારા સત્તા પરિવર્તનની માંગ કરવી એ ખોટું છે? બિલકુલ નહીં, જો આ માંગ માત્ર એક રાજકીય ભાષણ પૂરતી હોય, પરંતુ જો આ માંગ દેશભરમાં અશાંતિ ફેલાવીને, રસ્તાઓ પર વિરોધ પ્રદર્શનો દ્વારા સરકારને રાજીનામું આપવા માટે મજબૂર કરવાનું દબાણ કરવામાં આવે તો તે ગંભીર પ્રશ્નો ઊભા કરે છે. ‘સત્તા પરિવર્તન’ (રેજિમ ચેન્જ) શું છે? ડિક્શનરી અનુસાર, સત્તા પરિવર્તન એટલે સામાન્ય ચૂંટણીઓ કરવાને બદલે બળપ્રયોગ, બળજબરી, ક્રાંતિ અથવા બાહ્ય હસ્તક્ષેપ દ્વારા એક રાજકીય શાસન કે સરકારી પ્રણાલીને બીજી પ્રણાલી દ્વારા બદલવી. સરકારના સામાન્ય પરિવર્તન (જેમ કે ચૂંટણી દ્વારા નવી પાર્ટીને સત્તામાં લાવવી)થી વિપરીત, સત્તા પરિવર્તનમાં મોટા ભાગે રાજ્યના મૂળભૂત માળખા, બંધારણ અથવા મુખ્ય સંસ્થાઓને બદલવાનો સમાવેશ થાય છે. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને મતદાર યાદીઓના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન સામે ચાલુ જાહેર પ્રદર્શનો દરમિયાન આ રાજકીય વાવાઝોડું વધુ તીવ્ર બન્યું હતું. આ વિરોધ પ્રદર્શનો દરમિયાન વરિષ્ઠ એડવોકેટ પ્રશાંત ભૂષણે આ આંદોલનને ‘સત્તા પરિવર્તન માટેની લડાઈ’ ગણાવ્યું હતું, જ્યારે વિપક્ષી નેતા રાહુલ ગાંધી સાથે જોવા મળેલી વિદ્યાર્થી કાર્યકર નેહા બોરાએ બાંગ્લાદેશમાં તાજેતરના જેન ઝી યુવા આંદોલનથી પ્રેરણા લેવાનો ઉલ્લેખ કર્યો હતો. ભાજપે ઝડપથી આ ટિપ્પણીઓને મુદ્દો બનાવી લીધો. રાજનાથ સિંહ, નિતિન નબીન અને મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ જેવા નેતાઓએ એવો આરોપ લગાવ્યો કે, વિપક્ષી ગઠબંધન વિદેશી તાકાત સાથે મળીને ચૂંટણી પ્રક્રિયાને સંપૂર્ણપણે બાયપાસ કરવાનું ષડયંત્ર રચી રહ્યું છે. વિપક્ષ ભાજપના આરોપોને ‘બનાવટી ગુસ્સો’ કહીને ફગાવી રહ્યો છે અને તેનું માનવું છે કે, તેમનો ઉદ્દેશ્ય માત્ર લોકશાહી જનાદેશ દ્વારા સત્તા મેળવવા પૂરતો સીમિત છે. જો કોઈ શાસક સરકાર અતિશય ભ્રષ્ટ, સરમુખત્યારશાહી કે અક્ષમ જણાય, તો નેતૃત્વમાં સંપૂર્ણ પરિવર્તનની માંગ કરવી એ રાજકીય વિરોધ અને અભિવ્યક્તિની સ્વતંત્રતાનો કાયદેસરનો પ્રયોગ માનવામાં આવે છે. જ્યારે લોકો ભારે આર્થિક મુશ્કેલીઓ અથવા અધિકારોના ઉલ્લંઘનનો સામનો કરે છે, ત્યારે વ્યાપક આક્રોશ સામાન્ય છે. રાજકીય વિશ્લેષકો નોંધે છે કે, વિરોધ પક્ષો આવા નિવેદનોનો સહારો લે છે, જેથી જનતાના આક્રોશને શાંતિપૂર્ણ, રાજકીય અવાજ આપવામાં આવે, જેથી સંભવિતપણે અસંગઠિત નાગરિક અશાંતિને રોકી શકાય. જોકે, પ્રશાંત ભૂષણ અને નેહા બોરાનાં નિવેદનોની તીવ્ર ટીકાના જવાબમાં કોંગ્રેસે કહ્યું કે, ભારતમાં સત્તા પરિવર્તન હંમેશાં ચૂંટણીઓ દ્વારા થાય છે અને તેની માંગ કરવી ખોટું નથી. કોંગ્રેસે એમ પણ કહ્યું કે, લોકશાહીમાં વિપક્ષનું કામ ‘વિરોધ કરવો, ખુલ્લા પાડવા અને સત્તા પરથી હટાવવા’ (વિરોધ, પર્દાફાશ અને પદભ્રષ્ટ) નું છે. સીપીઆઈ (માર્ક્સવાદી-લેનિનવાદી) વિદ્યાર્થી કાર્યકર નેહા બોરાએ બાંગ્લાદેશમાં 2024ના જેન-ઝી વિદ્રોહ વિશે શું કહ્યું હતું? 14 ઓક્ટોબરના રોજ એક વીડિયો સંદેશમાં બોરાએ બાંગ્લાદેશમાં પ્રદર્શનકારીઓને ‘લાલ સલામ’ પાઠવ્યા હતા અને તેમણે આ આંદોલનની તુલના ભારતમાં યુવાઓના નેતૃત્વવાળા એ વિરોધ પ્રદર્શનો સાથે કરી, જે તત્કાલીન વડાં પ્રધાન શેખ હસીનાને સત્તા પરથી હટાવવા તરફ દોરી ગયેલું. ભારતમાં એસઆઈઆર અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામેના યુવાનોના નેતૃત્વ હેઠળના પ્રદર્શનો વચ્ચે સમાનતા દર્શાવી હતી. બોરાએ કહ્યું, ‘‘અમે તમને અમારા લાલ સલામ અર્પણ કરીએ છીએ અને અમે જાણીએ છીએ કે જેન-ઝી આંદોલન જે આપણે આ દેશમાં બધે જોઈ રહ્યા છીએ તે પહેલાં બાંગ્લાદેશમાં શરૂ થયું હતું અને અમને રસ્તો બતાવવા માટે અને આ દેશના યુવાનો પ્રત્યે એકતા દર્શાવવા માટે તમને અભિનંદન.’’ બીજા દિવસે, પ્રશાંત ભૂષણે બોરા અને કોકરોચ જનતા પાર્ટીના નેતા અભિજિત દીપકેની હાજરીમાં યોજાયેલી સંયુક્ત પત્રકાર પરિષદમાં ખુલ્લેઆમ સરકાર બદલવાનું સમર્થન કર્યા પછી ભાજપે તેનો હુમલો તીવ્ર બનાવ્યો. ભૂષણે કહ્યું હતું, ‘‘નિશ્ચિતપણે સત્તા પરિવર્તન થશે. અમે બધા સત્તા પરિવર્તન ઈચ્છીએ છીએ. શું તેમાં કંઈ ખોટું છે?’’ શિવ સેના (યુબીટી)ના નેતા અને ભૂતપૂર્વ રાજ્યસભા એમપી પ્રિયંકા ચતુર્વેદીએ પણ બાંગ્લાદેશના 2024ના વિદ્યાર્થીઓ દ્વારા સંચાલિત વિદ્રોહ અને અન્ય વૈશ્વિક પ્રદર્શનોને ભારતમાં રાજકીય પરિવર્તન માટે મોડેલ તરીકે વાપરવા સામે ચેતવણી આપી હતી. તેમણે ટીકા કરી હતી કે બાંગ્લાદેશમાં જે આંદોલન શરૂઆતમાં નોકરીના અનામત સામે વિરોધ તરીકે શરૂ થયું હતું તેને પાછળથી કટ્ટરપંથી અને ઉગ્રવાદી તત્ત્વો દ્વારા હાઈજેક કરવામાં આવ્યું હતું, જેના પરિણામે હિંસા, લઘુમતીઓને લક્ષ્ય બનાવવામાં આવ્યા હતા અને શેખ મુજીબુર રહમાનના નિવાસસ્થાન જેવી રાષ્ટ્રીય વિરાસતો પર હુમલા થયા હતા. દિલ્હીના જંતર મંતર પર કોકરોચ જનતા પાર્ટીના જુલાઈ મહિનાના આંદોલન અને દિલ્હી તથા અન્ય શહેરોમાં વર્તમાન શેરી પ્રદર્શનો વચ્ચે મોટો તફાવત છે. 20 જુલાઈનું પ્રદર્શન અનોખું હતું, જે પોતાનામાં એક અલગ પ્રકારનું આંદોલન હતું. નીટનું રદ થવું એ માત્ર એક નિમિત્ત હતું. પરંતુ યુવાનો, વિવિધ કારણોસર, રસ્તા પર ઊતરી આવ્યા હતા. આ પ્રદર્શનોમાં સમાજના તમામ વર્ગો એકસાથે આવ્યા હતાઃ યુવાનો-ભારતની અડધી વસ્તી 30 વર્ષથી ઓછી વયની છે-જેન ઝી, ચિંતિત યુવાન વયસ્કો, વિદ્યાર્થી સંગઠનો, જાગૃત નાગરિકો અને વાલીઓના જૂથો, તેમજ રાજ્યની ભરતી અથવા કોલેજ પ્રવેશ પરીક્ષાઓ રદ થવાથી પ્રભાવિત થયેલા લોકો હતા. સરકારે સીજેપી સાથે વાટાઘાટો કરવી પડી હતી. પ્રદર્શનકારીઓએ શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું મેળવ્યું હતું. પરીક્ષા પ્રણાલીમાં વિશ્વસનીયતા પુનઃસ્થાપિત કરવા માટે સરકારે નંદન નિલેકણી તરફ પણ વળવું પડ્યું હતું, જેઓ યુપીએ સરકાર દરમિયાન કેબિનેટ સ્તરના પદ પર રહી ચૂક્યા હતા. હવે, મતદાર યાદીઓના એસઆઈઆર સામે પ્રદર્શનો ફાટી નીકળ્યા છે, જેણે 13 કરોડ મતદારોને ડ્રાફ્ટ યાદીમાંથી બહાર ફેંકી દીધા છે. માંગણીઓ એ છે કે, દરેક પાત્ર મતદારને યાદીમાં પુનઃસ્થાપિત કરવામાં આવે, મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર રાજીનામું આપે અને ચૂંટણી પ્રક્રિયામાં વિશ્વાસ પુનઃસ્થાપિત થાય. આ મામલો ફરીથી સુપ્રીમ કોર્ટમાં ગયો છે. આ ઘટનાક્રમનું અંતિમ પરિણામ બન્નેમાંથી કોઈપણ પક્ષ માટે સરળ નથી.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## જાહેર રસ્તા પર રાત્રિ પ્રકાશની આવશ્યકતા

સુરત શહેરની વાહનવ્યવહારની સગવડતા અતિવિકટ છે, એ સ્પર્ધાસ્પદ વાત છે. જ્યાં સુધી પ્રજામાં એટલે કે વાહનચાલકોમાં શિસ્તનો અભાવ અને વાહનવ્યવહારના કાયદાનું પાલન ન કરવાની દાનત રહેશે, ત્યાં સુધી આ સમસ્યા યથાવત્ રહેવાની જ છે! પરંતુ શહેરમાં ઘણાં સ્થળે રાત્રિના સમયે રસ્તા પર મૂકેલી લાઇટનો પ્રકાશ ધરતી (રસ્તા) સુધી પહોંચતો જ નથી! પ્રાઇમ આર્કેડ સુધી જવાનો રસ્તો ‘મોસ્ટ બિઝી એરિયા’ છે. ત્યાંની લાઇટનો પ્રકાશ રસ્તા સુધી પહોંચતો જ નથી. લાઇટની સાઇકલ અતિ ક્ષીણ છે. ઘણાં સ્થળે લાઇટ પ્રકાશિત હોવા છતાં વૃક્ષોની ઘટાને કારણે પ્રકાશ રસ્તા સુધી પહોંચતો નથી. વૃક્ષ કાપવાની વાત બિલકુલ નથી, ફક્ત વૃક્ષોની ઘટા ઘટાડવાની (ટ્રીમ કરવાની) જરૂર છે. વટેમાર્ગુ નાગરિકોને રાત્રિના સમયે વાહન ચલાવવામાં અત્યંત તકલીફ પડે છે અને અકસ્માતનો ભય સર્જાય છે. બ્રિજ પર અત્યંત રોશની ધરાવતી સોલર લાઇટ મૂકવામાં આવી છે, જે પ્રશંસનીય છે. પરંતુ અંતરિયાળ રસ્તાઓ પર પણ મોટી અને પ્રકાશમય લાઇટ હોય તો વાહનચાલકોની તકલીફ ઓછી થાય. લાઇટ મૂકવાનો હેતુ સાર્થક થાય તે માટે જવાબદાર તંત્રએ રાત્રિના સમયે નિરીક્ષણ કરવું આવશ્યક છે.

**સુરત - નેહા શાહ**

## શ્રદ્ધા સાથે સુરક્ષા જરૂરી

દેશમાં ધાર્મિક સ્થળોએ વિશેષ દિને દર્શનાર્થીઓની ભારે ભીડને કારણે બનતી ગંભીર દુર્ઘટનાઓ ખૂબ જ વેદનાદાયક છે.કોલકાતામાં બનેલી ઘટનામાં અંદાજિત 19 લોકોના મોત થયા.આ ચિંતાજનક બાબત છે.આવી ઘટનાઓ બને ત્યારે નિર્દોષ ભક્તો (લોકો) જીવ ગુમાવે છે.તંત્ર દિલસોજી અને રોકડ સહાય આપે છે,જે કાયમી ઉકેલ તો નથી જ! મોટેભાગે આવી દુર્ઘટનાઓ આયોજનના અભાવે બને છે.ખાસ તહેવારો પર ધર્મસ્થાનો કે પંડાલો પર પ્રતિવર્ષ મોટી ભીડ થતી હોય છે. વ્યવસ્થાપકો અને તંત્ર આ બાબતે માહિતગાર હોય છે. ત્યારે કોઈ પણ મંદિરમાં કે પંડાલ પર ક્ષમતા મુજબ અંદર બહાર નીકળવાના માર્ગની અગાઉથી ચકાસણી થાય,આયોજન થાય,પોલીસ,મંદિરના પ્રશાસકો અને સ્વયંસેવકોની સંખ્યા વધારાય અને ક્ષમતા મુજબ પ્રવેશ અપાય તો કદાચ આવી ઘટના નિવારી શકાય. ક્ષમતા પ્રમાણે પ્રવેશ માટે નિયમ અને તેનો કડક અમલ થવો જરૂરી છે. આયોજકો અને તંત્રની બેદરકારી કે આક્ષેપબાજીથી નિર્દોષ લોકો જીવ ગુમાવે એ અક્ષમ્ય અને શરમજનક બાબત છે. આવા સ્થળોએ જતા ભક્તોએ પણ ધીરજ રાખી,નિયમનું પાલન કરવું જરૂરી છે.અફવાઓથી બેકાબૂ બની નાસભાગ કરવાને બદલે સલામત જગ્યાએ ઊભા રહી જવું જરૂરી છે. લોકોની શ્રદ્ધા સાથે સુરક્ષા વ્યવસ્થા જરૂરી છે,પણ આપણા દેશમાં આવી ઘટનાઓ છાશવારે બનતી રહે છે,નિર્દોષો જીવ ગુમાવતા રહે છે,પરિવાર અક્રંદ કરતો રહે છે અને જવાબદાર પકડાય ત્યાં સુધીમાં બધું ભુલાઈ જાય છે.

**સુરત -અરુણ પંડ્યા**

## ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા વાર્તા શિબિર

ગુજરાતી સાહિત્ય માટેની સંસ્થાઓ પૈકીની ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા ટૂંકી વાર્તા માટેનો શિબિર કેવડિયા કોલોની (એકતાનગર) મુકામે ગત જૂન માસમાં ચાર દિવસ માટે યોજાઈ ગયો હતો. જેમાં ૪૦૦ એન્ટ્રીઓ આવી હતી અને તેમાંથી પસંદગી પામીને ૬૦ વાર્તાકારો પસંદ થયા હતા. જે ખૂબ આનંદની વાત છે. આજકાલ સોશિયલ મીડિયા અને મોબાઈલ ઈન્ટરનેટના યુગમાં ગુજરાતી ભાષામાં ટૂંકી વાર્તા માટે સમગ્ર ગુજરાતમાંથી ૪૦૦ એન્ટ્રીઓ આવે તે ખરેખર પ્રશંસનીય બાબત છે. ગુજરાતી સાહિત્ય પરિષદ અને ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા અવારનવાર નવોદિતો માટે સાહિત્ય અંગેના શિબિરોનું આયોજન કરવામાં આવે છે. એનો મતલબ એ થયો કે આજના ઠેરઠેર અંગ્રેજી ભાષાના ચલણમાં આપણી માતૃભાષામાં નવા નવા લેખકો આવે અને સાહિત્યમાં પોતાનું યોગદાન આપે તે ઈચ્છનીય છે. ગુજરાતી ભાષાના સંવર્ધન માટે અને ગુજરાતી ભાષાના પ્રચાર-પ્રસાર માટે આજે પણ ઘણી સંસ્થાઓ કાર્યરત છે. ગુજરાતી વિદ્યાસભા, ગુજરાતી સાહિત્ય સભા, નર્મદ સાહિત્ય સભા, ફાર્બસ ગુજરાતી સભા, પ્રેમાનંદ સાહિત્ય સભા, ભારતીય વિદ્યા ભવન અને ઉપર જણાવેલી બે સંસ્થાઓ–ગુજરાતી સાહિત્ય પરિષદ અને ગુજરાત સાહિત્ય અકાદમી. ગુજરાત વિદ્યાસભાની સ્થાપના ઈ.સ. ૧૮૪૮માં કરવામાં આવી હતી, જે આ બધી સંસ્થાઓમાં સૌથી જૂની છે.

**નવસારી - હિતેન્દ્ર ટેલર**

## બ્રેસ્ટ કેન્સર

છેલ્લા દાયકાથી દર વર્ષે ઓક્ટોબર માસ ‘બ્રેસ્ટ કેન્સર અવેરનેસ મન્થ’ તરીકે ઉજવાય છે. તેને ‘પિન્ક ઓક્ટોબર’ પણ કહેવાય છે. સ્તન સ્ત્રીની સુંદરતા માટેનું મહત્ત્વનું અંગ છે. તે સ્ત્રીના આત્મવિશ્વાસને મજબૂત કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. પણ સ્ત્રી આ મહત્ત્વના અંગ પ્રત્યે હંમેશાં ઉપેક્ષિત (બેદરકાર) રહે છે. સ્તનમાં અનુભવાતા ફેરફારો અંગે શરમને કારણે ડૉક્ટર પાસે જવાનું ટાળે છે. જ્યારે સ્તનમાં ગાંઠ ઘણી મોટી થાય છે, ત્યારે તે ડૉક્ટર પાસે જાય છે. પણ ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય છે. ભારતમાં દર ૪ મિનિટે ૧ મહિલામાં સ્તન કેન્સરનું નિદાન થાય છે. વિશ્વભરમાં દર ૪ કેન્સરના કેસોમાંથી ૧ કેસ બ્રેસ્ટ કેન્સરનો હોય છે. પ્રતિવર્ષ ૧,૦૦,૦૦૦ સ્ત્રીઓ બ્રેસ્ટ કેન્સરથી મૃત્યુ પામે છે. બ્રેસ્ટ કેન્સરનાં લક્ષણોઃ(૧) બ્રેસ્ટનો કોઈપણ ભાગ અન્ય ભાગ કરતાં સખત લાગે.(૨) બ્રેસ્ટના કોઈપણ ભાગમાં ગાંઠ માલૂમ પડે.(૩) બ્રેસ્ટની સાઈઝ કે શેપમાં ફેરફાર થાય.(૪) બ્રેસ્ટની ત્વચાના રંગમાં ફેરફાર થાય (ઓરેન્જ સ્કિન).(૫) બ્રેસ્ટની નીપલ દબાવવાથી પ્રવાહી કે લોહી નીકળે અથવા નીપલ અંદરની તરફ ખેંચાઈ જાય(૬) બ્રેસ્ટને દબાવવાથી અથવા દબાવ્યા વિના બ્રેસ્ટમાં દુખાવો થાય.(૭) બ્રેસ્ટની આજુબાજુના ભાગમાં પણ ફેરફાર જણાય. યાદ રાખો, બ્રેસ્ટમાં થતી દરેક ગાંઠ કેન્સરની નથી હોતી, પરંતુ દર ૧૦ સ્ત્રીઓમાંથી ૧ સ્ત્રીની ગાંઠ કેન્સરની નીકળે છે.

**સુરત - ડૉ. કિરીટ એન ડુમસિયા**

## ચાંદની પડવો

હાલમાં નવરાત્રિ, આદ્યશક્તિની આરાધનાના દિવસો ચાલી રહ્યા છે. આખું ગુજરાત ગરબાના તાલે ઝૂમી રહ્યું છે. આમ તો નવરાત્રિ નવ દિવસનો જ તહેવાર છે, પણ હવે લોકોએ તેને ૧૫ દિવસનો તહેવાર બનાવી દીધો છે. નવરાત્રિ પહેલાં પણ પ્રી-નવરાત્રિ ઉજવાય છે અને નવરાત્રિનાં નોરતાંથી લઈને શરદપૂનમ સુધી લોકો ગરબાની મજા માણે છે. શરદપૂનમના બીજા દિવસે આવે છે ચાંદની પડવો. આ તહેવાર આખા ગુજરાતમાં સુરતમાં જ ઉજવાય છે અને તે દિવસે લોકો ઘારી, ભૂસું અને પૌંઆની મજા માણે છે. સુરતીલાલાઓ ગૌરવપથ પર ફૂટપાથ પર ચટાઈ પાથરીને સાંજે આ વાનગીઓની મજા માણે છે. કહેવાય છે કે ‘ચંડી પડવા’માંથી ‘ચાંદની પડવો’ અને છેલ્લે અપભ્રંશ થઈને હવે લોકો ‘ચાંદની પડવો’ બોલવા માંડ્યા છે.

**સુરત - શીલા સુભાષ ભટ્ટ**

## સુરતમાં બોગસ ડૉક્ટર્સનો રાફડો

રાજ્યની બહારની કોલેજોમાંથી બી.એસસી., બી.એ. તેમજ બી.એ. ઓનર્સની ડિગ્રી મેળવ્યા પછી પોતાનું ફિલ્ડ છોડીને હોસ્પિટલો અને દવાખાનાઓમાં કમ્પાઉન્ડર તરીકે નોકરી કરી થોડો અનુભવ મેળવ્યા બાદ સુરતના પાંડેસરા વિસ્તારમાં માન્ય જરૂરી ડિગ્રી વગર દવાખાનાં શરૂ કરી પ્રેક્ટિસ કરતા ત્રણ બોગસ ડોક્ટરો સહિત ૧૬ જેટલા ઊંટવૈદ્યોને એસઓજીએ પકડી પાડીને જરૂરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આવા બોગસ ડોક્ટરો ૨૪થી ૩૩ વર્ષથી પ્રેક્ટિસ કરતા હતા. જેમાં અનેક દર્દીઓના સ્વાસ્થ્યને હાનિ પહોંચી હશે અને શહેરમાં હજુ નથી પકડાયેલા આવા બોગસ ડોક્ટરો કેટલા હશે, એ તો રામ જ જાણે!

**સુરત - રાજુ રાવલ**